रमण-रत्न अने चंदनकुमारीकानी रसिक वार्ता.

રચિ પ્રસિદ્ધ કરનાર.
સી. એસ. કે. શુકલ.
મુ. અમદાવાદ ધનાસુતારની પોળ શુકલની ખડકી.

દરેક નકલ બનાવનાર પાસેથી વેચાતી મળશે.



અમદાવાદ.
સમશેર બાહાદુર પ્રેસમાં છાપી.
સં. ૧૯૫૬ સને ૧૯૦૦
કીમ્મત રૂ. ૦—૧—૬

દોઢ આનાની ટીકીટ મોકલવાથી પણ મોકલાવશે.
નોટપેડ કાગળ લેવામાં નહિ આવે.

रमण-रत्न अने चंदनकुमारीकानी रसिक वार्ता.

રચિ પ્રસિદ્ધ કરતાર.

સી. એસ. કે શુકલ.

મુ. અમદાવાદ ધનાસુતારની પોળ શુકલની ખડકી.

દરેક નકલ બનાવનાર પાસેથી વેચાતી મળશે.

અમદાવાદ.

સમશેર બાહાદુર પ્રેસમાં છાપી.

કીમ્મત રૂ. ૦—૧—૬

દોઢ આનાની ટીકીટ મોકલવાથી પણ મોકલાવશે.

નોટપેડ કાગળ લેવામાં નહિ આવે.

પ્રીય વાંચકો આ મારો પ્રથમ પ્રયાસ હોવાથી મારામાં જે કંઇ ખામી માલમ પડે તે માફ કરી દોષીત નહી ગણતાં પોતે સુધારી કરતા પાસે લખી મોકલશો તો આભાર સાથે સ્વીકારીશ. એજ.

લી० કર્તાની નમ્રવિનંતી,

રમણ-રત્ન અને ચંદન કુમારીકાની રસીક વાર્તા.

દોહરો.

સતી સદગુણ દાખલો, વર્ણવું પ્રજા હજુર;
ભુલ ચુક સુધારી, સદગુણ ધરજો ઉર.

એક ચંદ્રપુર નામે નગર હતુ તેમાં રત્નસંગ, રમણ અને ચંદન કુમારીકા રહેતા હતા તેમાં રમણને રસીક કરીને એક નાનો ભાઇ હતો તેઓ બધાં હમેશાં ખુશીમાં રહેતા તે વખતે તેઓ નાના હતા પણ તેઓ સઘળા ખાન દાન કુટંબના હતા તેઓના બાપ દાદા સારા આબરૂદાર માણસો હતા તે બધામાં રમણ ચાલાક તથા ખુબ સુરત હતો. તેઓ સઘળા એક નિશાળમાં જતા તેમજ રત્નસંગ પણ તેજ નિશાળે જતો તેથી રમણ અને રત્નસગને દોસ્તી થઈ તે પણ ખાન દાન કુટંબનો હતો પણ કમનસીબે તેનાં માબાપ નાની ઉમ્મરનો મુકી મરી ગયાં હતાં. પણ તે નાનપણમાં રમણની સોબતમાં રહી સારી રીતે કેળવણી પામ્યો હતો હવે થોડાક વખત પછી તેને તેના સગાએ લગ્ન કરવાની વાત પુછી ત્યારે તેણે કહ્યું કે મારે તમારા વિચાર મુજબ લગ્ન કરવાનું નથી. તેનું કારણ નીચે મુજબ હતું તેનો ને તેના દોસ્તદારનો વિચાર એવો હતો કે જેમ ઇંગ્રેજ લોકોના મન મુજબ લગ્ન થાય છે તેમ કરવાનો હતો એટલે તે વાત પડતી રહી.

પછી રમણ ને રત્નસંગ થોડા વખતે કોલેજમાં દાખલ થયા ત્યાં તેમ ને કોલેજમાં ભણવા જતી ચંદન કુમારીકા નામની છોડી સાથે સ્નેહ થયો. જ્યારે સાંજે ઘેર જવાની રજા મળે ત્યારે રમણ ને રત્નસંગ ચંદનકુમારીકાની નિશાળ આગળ ઉભા રહેતા તે આવતી ત્યારે સં-ગાથે ઘેર જતા એવુ ઘણો વખત ચાલ્યું. પછી દીનપરદીન તેઓનો ઘણોજ સ્નેહ બંધાયો પછીતો કાંઇ બાકી રહીજ નહિ. એક દીવસે રત્નસંગને ચંદને વાત કરતાં વિચાર કર્યો કે આપણા બન્ને જણનાં એક બીજા જોડે લગ્ન થાય તો કેવું સારૂ. ત્યારે ચંદનકુમારીકા બોલી કે હું પણ ઘણીજ ખુસીછું. પણ હું વણીકની કુમારીકા છું તેમ તમે વળી રાજવંસી ક્ષત્રીય વીર છો એટલે લગ્ન કરવાં મુસ્કેલ થાય ને મા રા બાપ તેમ કરવા ના પાડે. ને તે વાત તેમના કબજાની છે ખરી. પણ કંઇ ફીકર નહિ પણ કહેવત છે કે મન હોય તો માળવે જવાય. તેની વાત કરતાં હતાં એટલામાં રમણ તેની પાસે આવ્યો પ છી સૌ સાથે રસ્તે ચાલ્યા અને પછી પોતપોતાને ઘેર ગયા. પછી તેમનું શું થયું તે પ્રિય વાંચકે બીજે દીવસે શુકરવારે નિશાળે જ-વા નિકળ્યા. થોડે રસ્તે ગયા એટલે પાછળથી રમણ પોતાના સીગ-રામમાં બેશી આવી પહોચ્યો તેને રત્નસંગ તથા ચંદનકુમારીકાને પગે ચાલતાં જોઇ ગાડી ઉભી રાખી પોતાની જોડે ગાડીમાં બેસા ર્યાં ને જ્યાં ચંદનકુમારીકાની સ્કુલ આવી એટલે તેણીને ઉતારી દી ધી ને પોતે તથા રત્નસંગ બેઉ પોતાની નિશાળે ગયા. પછી સાંજે ઘેર આવતાં રોજના નિયમ પ્રમાણે ચંદનકુમારીકાની રાહ જોતા ઉ ભા રહ્યા પણ ચંદનકુમારીકાને પોતાને શિક્ષણ આપનાર બૈયે અડ

ધો કલાક મોડી રજા આપી તેથી વાર લાગી પણ રમણને રત્નસંગ તેણીની રાહ જોતા તે આવી ત્યાંસુધી ઉભાજ રહ્યા તે વખતે આશરે સાડાપાંચ વાગ્યા હતા ને થોડા વખતે ચંદન આવી એટલે સૌ ચાલ્યા રસ્તે ચાલતાં પાછી લગ્નની વાત રમણને કહી ત્યારે તે વાત રમણે નાપસંદ કરી પણ શું કરે રત્નસંગ જોડે જુની દોસ્તી તેથી કંઈપણ વધારે આનાકાની કરી નહિ તે પછી સૌ પોતપોતાને ઘેર ગયા. પછી શનિવારે પણ રોજના નિયમ પ્રમાણે સાથે જવું આવવું થયું ને ઘેર આવતાં વિચાર કર્યો કે રવીવારે આપણે બધાએ સાંજના કાંપમાં ફરવા જવું ને નક્કી કરી પોતપોતાને ઘેર ગયાં હવે રવીવારે સાંજે સૌ ગાડીમાં બેસી કાંપમાં ફરવા ગયા પણ રમણનો ભાઈ રસીક જોડે ગયો, ત્યાં જઈ તેમને લગનની વાતચીત કરવાનો ત્યારે વખત મળ્યો ને ચંદન કુમારીકાએ રત્નસંગ જોડે લગ્ન કરવું નક્કી કર્યું તે વાત રત્નસંગે પણ હા પાડી એટલે બેઉજણની વચમાં પ્રિય દોસ્ત રમણને રાખ્યો આ સઘળી વાત રસીકે પોતે ધ્યાનમાં રાખી હવે પછી બધા પોતપોતાને ઘેર આવ્યા પછી રસીકે સઘળી વાત ચંદનકુમારીકાના બાપને જઈ કહી. પણ ચંદનના બાપે તેણીને ઠપકો બીલકુલ આપ્યો નહિ. ને રસીક પોતાને ઘેર આવ્યો. બીજે દીવસે સોમવારે નિશાળનો વખત થયો એટલે ચંદનના બાપે પોતાના નોકર માધવને ચંદનને નિશાળે મુકી આવવા કહ્યું એટલે માધવ ચંદનને નિશાળે મુકી આવ્યો ને રમણ તથા રત્ન પણ પોતાના ઘેરથી નિશાળે જવા નિકળ્યા પણ રસ્તામાં ચંદનકુમારીકા ભેગી થઈ નહિ તેથી રત્ન ઉદાસ થયો જે પોતાની સ્કુલમાં ન જતાં ચંદ-

નની કાલેજ સાંમે ઉભો રહ્યો ને રમણ તો પોતે સ્કુલમાં ગયો. પ- છી રજા વખતે ચંદન બહાર આવી ત્યારે રત્નસગે પુછયું કે વાહાલી સાથ છોડી આજે ઉતાવળા આવવાનું શું કારણ થયું. ત્યારે ચંદન બોલી કે રસીકભાઇએ આપણી બધી વાત મારા પીતાજીને કહી તેથી મારા પીતાજીએ માધવને મુકવા મોકલ્યો તેથી વહેલી આવી પણ ફીકર નહિ. હું તમનેજ વરીશ. આપ જ્યારે સાંજે ઘેર જાઓ ત્યારે સંગાથ કરતા જજો. એમ કહી ચાલી ગઇ ને રત્નસંગ વિચારમાં દીગમુઢ બન્યો. પ- ણ શું કરે. પોતેપોતાનો ભણુવાનો વખત ગુમાવ્યો ને વળી તેણીને ગુમાવરાવવો તે વ્યાજબી નહિ. તે વિચાર લાવી તેણીને જવા દીધી પછી પોતે પોતાની સ્કુલમાં ગયો ત્યાં પોતાનો સાથી વહેલો ગયો ને પોતે કોઇવાર મોડો ગયેલો નહીં તેથી આજે શીક્ષકે પુછયું કે ભાઇ આજે શીકારે ગયા હતા તેથી મોડુ થયું હશે વારૂ ? પણ શીકાર હાથ આવ્યો કેમ પણ પોતે ચાલાક હોવાથી છાનો માનો બેશી રહ્યો ને નીચુ ઘાલી શરમાયો પણ શું કરે બનેલી વાત રમ ણુને કહ્યા વગર કેમ ચાલે તેવો વીચાર કરીને પોતાની બનેલી વા તની ચીઠ્ઠી રમણુને લખી જણાવી પણ તે ચીઠ્ઠીની ખબર પડતાં માસ્તરે રમણુના હાથમાંથી ચીઠ્ઠી ખુચાવી લીધી તેથી બેઉ ફીકર માં પડયા પણ કંઇ ફીકર નહિ કદાચ આ ચીઠીની વાત માસ્તર પ્રિયાની નિશાળે લખી જણાવશે તો ખરા પણ કાંઇ ચીંતા નહિ. પ ણ તેતો બરાબર નિશાળે ગયેલી છે તેથી તેણીને તો ઠપકો મળશે નહિ એવું મનમાં લાવી પોતાની સ્કુલનો વખત પુરો થયો એટલે

એઉ જણા પોતાના નિયમ મુજબ ચંદનની સ્કુલ સામે ઉભા રહ્યા ને થોડીવારે ચંદન કુમારીકા બહાર આવી એટલે ત્રણે જણાં વાતો કરતાં ચાલ્યાં. પછી ચંદને બધી વાત રસ્તામાં કહી પણ રમણને રત્ન કાંઇ બીહીન્યા નહિ ને કહ્યું કે તારા બાપની કાંઇ ચીંતા નહિં. એવી રીતે તેણીને હીંમત આપીને છુટા પડતી વખતે કહ્યું કે હવે થી કાગળ મારફતે આપણે મળવું હવે આપણે રસ્તે બોલવું નહિ તેમજ રસ્તે ચાલતાં લખેલી હકીકતનો કાગળ રસ્તામાં ફેકવો એટલે તે વાંચી જોવાથી સર્વેતે વાત કરવા જેટલો આનંદ થશે. તે પ્રમાણે કરવા માંડયું. પછી હવે ચંદનકુમારીકાના બાપે મદનપુર ગામમાં કરમશા પરેમચંદના પુત્ર ફતેચંદ વહેરે વીવાક કર્યો ને લગ્ન જોવરાવી દીન નક્કી કર્યું ને લગ્ન સબંધની જણસો ભેગી કરાવવા માંડી ને જાનને ઉતરવા માટે ગોઠવણ કરી. પણ ચંદને લગ્ન થતાં પહેલાં વીચાર કર્યો કે હવે મારા પ્રિતમ રત્નસંગને મળવું જોઇએ. તે કેવીરીતે મળવું તેનો વિચાર કરતી પોતાની સુવાની મેડીની બારીએ બેઠી પોતે પોતાના પ્રીતમની તથા તેના દોસ્તની રાહ જોતી બેઠી ને મન સાથે વાત કરે છે કે જો બેમાંથી ગમે તે આવે તો સારૂં થાય. એવો વીચાર કરતી બેઠી છે એટલામાં તો રમણ ને રત્ન પોત પોતાના ઘોડા ઉપર બેશી ચંદન કુમારીકાના મકાન આગળ આવ્યા કે ચંદને તેમને પ્રેમથી બોલાવ્યા ને પોતાના ઘરની પાછલી બારીએ આવવા કહ્યું એટલે બેઉ જણા તે તરફ ગયા ને ઘોડેથી હેઠળ ઉતર્યા ને ઘોડાની સંભાળ માટે દાશીને ઉભી રાખીને બેઉ જણા મેડા ઉ

પર ગયા કે તરત તેણીએ બેઉ જણાઓને પલંગ ઉપર બેસાડ્યા ને પાન સોપારી આપીને પછી પોતાના લગન ફતેચંદ જોડે આવ તે કાલ થવાનાં છે તે વાત કહી પણ પોતે તો રત્નસગ જોડે લગન કરવું નક્કી કરેલું છે. તો બીજા જોડે કેમ પરણાય કહેવતમાં કહેલ છે કે પોતાના મનથી જેને પતી કર્યો તેજ ખરો પતી એવું ક્ષત્રીય વીરોમાં અગાઉ ચાલતું હતુ ને હાલમાં પણ ઘણાજ ઠેકાણે તે રીવાજ હજી પણ છે ને મન ગમતું લગન કરવું તે કંઈ શાસ્ત્ર થી ઉલટું નથી તો મારે તે મુજબ ફતેચંદ જોડે લગન ન કરવું એવું નક્કી કરી પોતાની દાશીને પોતાનાં લુગડાં પહેરાવી માયરામાં દાશીને બેસારી પરણાવવી એ વાત પોતાના પ્રીતમ તથા રમણને કહી તે વાત તેમને કબુલ રાખી પણ ચાલાકી સાથે કરવા કહ્યું ત્યારે તેણીએ કહ્યું કે કંઇ ફીકર નહિ તેમ વાતો કરી બને પોત પોતાના ઘોડા ઉપર સ્વાર થઇ ચાલ્યા. બીજે દીવશે જાન આવવાના દહાડે ગાડી ઉપર જવાનું રમણે રત્નસંગ જોડે નક્કી કર્યું ને વખતસર બીજે દીવશે ગાડીઉપર તેઓ ગયા ત્યાં ચંદનકુમારીકાને પરણવા આવનાર શેઠને જોયા. પછી પોતપોતાના ઘોડા ઉપર બેશી પાછા ફર્યા ને રસ્તે ચાલતાં વીચાર કર્યો કે ચંદન ભણેલી છે ને આ શેઠ તો અભણ માલમ પડે છે. પણ જો ચંદન કુમારીકા પોતાના ઇરાદામાં નીસફળ થશે તો તેણીના ભોગ મરશે (એટલે) કદાચ પોતાને માયરામાં બેસવું પડશે તો ખરાબીજ પણ ફીકર નહિ તે ઘણીજ ચાલાક છે. કહેવત છે કે સ્ત્રી ચરીત્ર કોઇથી જીતાયું નથી ને જીતાય પ

ણુ નહિ માટે પોતે જાતે સ્ત્રી છે ને વળી વીદ્વાન છે તો પોતે પોતાની ચાલાકી શું નહિ વાપરે ના, ના, તેમતો થવાદે તેમ નથી પોતે પોતાની આજ સુધી ધારણા પાર પાડી છે તો હવે તેમ ન બનવા દેનારજ. આવા વીચાર કરતાં કરતાં બેઉ જણુ પોતાને ઘેર ગયા પણુ આજે ચંદન કુમારીકા પોતાના બદલે પોતાની દાસીને ફતેચંદ શેઠ જોડે લગન કરાવવાની છે તો પછી તેનું શું થશે તે જોવાને રમણુ ને રત્નસંગ બેઉ જણા રાતે વીચાર કરી ચંદનના ઘર પાસે પોતાના દોસ્તદારને ઘેર ગયા ને ત્યાં રહી ચંદનની યુકતીઓની ખબર રાખવા માટે ત્યાં જઇ રહ્યા હવે આશરે દસ વાગતાં રાતે વરઘોડો આવ્યો ને જાનને જાનીવાસો આપ્યો પછી તરત સામયું ચલુ લઇ ચદનની મા વસંત સાથે બીજા બૈરાંને લઈ આવી સામયુ ચલુ કરી ઘેર જઇ તરત પુખવાનો સામન ગોરે મંગાવી ઉમરા પાસે બોલાવી ઉભી રાખી ને વરને તોરણુ કર્યો પછી પુખીને ગોરે મોયરામાં બેસાર્યો ને ગોરે મંગળાઅષ્ટક ભણી કન્યાને મોયરામાં પધરાવવાને તેના મામા કીશોરને કહ્યું કે તરત મોયરામાં ચંદનના બદલે દાસીને લાવી બેસારી આ વાત કીશોર પણુ જાણુતો નથી સબબ કે ચંદનની યુકતીની કોઇને ખબરજ પડી નથી ફકત પોતાના ગોરને પ્રથમ બોલાવી સમજાવી મુકેલ હતો માટે ગોર શીવાય બીજુ કોઇ જાણુતુ નહોતું ને દાશીને ચંદને પ્રથમ કહ્યુ હતુ કે પરણી ઉઠી તરત સીધા માળ ઉપર આવવું કે લુગડાં બદલી નાંખીશું જેવી દાસી પરણી ઉઠી તરત ઉપર મુજબ કર્યુ પછી આ વાત રમણુ ને રત્ને સાંભળી આનંદ તો થયો ખરો પણુ વદાય કરતી વખતે ચંદનને

ફતેચંદ શેઠને ઘેર જવું પડશે ખરૂં કે નહિ વારૂ, હા. જવું તો પડશે પણ કંઈ ફીકર નહિ જવાથી હરકત નથી પણ દાસી ત્યાં જશે ખરી એવો વીચાર કરી રમણ ને રત્ન જતા હતા એટલામાં ચંદને તેઓ ને છાના પોતાના માળ ઉપર બોલાવ્યા ને પોતાની દાશાને પરણાવી છે તે વાત કહી પછી રત્ને ચંદનને કહ્યું કે તમારે ફતેચંદના ઘેર જવું પડશે ત્યાં દાશી આવશે કે નહિ ત્યારે ચંદન બોલી તે ત્યાં જશે ને તેજ ત્યાં રહેશે હું તો બે ચાર દીવશે તમને આવી મળીશ. પણ પ્રીય વાંચકો તેમ શી રીતે કરશે જો વરાવશે તે દીવશે પોતાને ગાડીમાં બેશી પૈંડુ સીંચવું પડશે તે ખરૂ કે નહિ વારૂ હા, હા, તેમ જ પણ પ્રીય વાંચકો તમે પોતે વીચાર કરો કે કાંઈ ચંદન પોતે મોયરામાં તેમજ ચોરીમાં બેઠી નથી ને કંસાર જમી નથી તે બધું દાશીએ કરયું તો શુ ચંદન પરણી ખરી ના તે જો પરણી કહેવાય નહિ તો પછી ગાડીમાં બેશી પૈંડુ સેચે તે કેમ કહેવાય. ના તે કહેવાય નહિ પણ તે તો આપડા હિંદુ રીવાજ મુજબ જોડે અણુવર મોકલે છે તેમ ચંદન અણુવર થઇ કેમ વારૂ હા તેમજ પણ હવે મને બીજો વીચાર સુજ્યો કે ચંદન પરણી નથી તે વાત ત્યાં ગયા પછી ખબર પડશે તો પ્રીય વાંચકો તેનું શુ થશે પણ આ વાતની કોઇને ખબર નથી ગોરને તો દક્ષણા પાંનતુ થયા છે ને વળી પાછા થશે તેથી તો બ્રાહ્મણ મહારાજ તો બોલવાના નથી કહેવતછેકે જ્યાં લોભી માણસ હોય ત્યાં સૌ યુક્તીઓ પાર પાડી શકાય છે તેમ તે કામ બન્યું પછી વર કન્યા વરાવ્યાં તે ખબર પડતાંજ રમણને રત્ન પોતાના ઘોડે બેશી ચ

દની મળવા માટે નીકળ્યા તો રસ્તામાં ચંદનની ગાડી જોઇ તેની પાસે ઘોડા હંકયા પણ ચંદન જોડે વાત થશે નહિ તેમ ધારી પ્રથમથી ચીટ્ઠી લખી મુકી હતી. તે જેવી ચંદન ઉતરી [illegible] ણું ભોંય ઉપર ફેંકી દીધી કે તુરત ચંદને લઇ લીધી ને વાંચી જોઇ તો તેમાં નીચે મુજબ લખ્યું હતું કે તારે મદનપર જઇ તરત દાસીને તારે ઘેર મોકલવી ને ત્યાં તારે એકલા મુકામે બાનું કરી રહેવું ને દાસીને તારા બાપના ત્યાંથી નોકરી છોડી દઇ પાછી મદનપુર બોલાવી તેણીને તારા બદલે મુકી તારે અમને મળવું તે વાંચી તેણીએ તેમને સાનથી સમજાવ્યા કે હું તેમ કરીશ ફીકર કરતા નહીં પણ શું કરે પાસે કાગળો સીશપેન નહોતા કે તે લખીને આપે. આ વાત થયા પછી ચંદન પાછી ગાડીમાં જઇ બેઠી પછી ગાડી ઘોડિક વારે ઉપડયા પછી રમણ ને રતન ઘેર આવ્યા પણ ચંદન ગઇ તેથી તેમનું દીલ કેવું થયું હશે તેતો પ્રિય વાંચકો તમે પોતે વિચાર કરશો. પછી ચંદને ત્યાં જઇ તે મુજબ કર્યું કે નહિ હા. તેમજ કર્યું પણ રમણે તથા રતનસંગે તો પછી પોતાના અભ્યાસમાં લક્ષ આપ્યું ખરૂ પણ ચીત ચંદનમાં પણ શું કરે. જો અભ્યાસ ન કરે તો બધી ઉમેદ પાર પડે કેમ. માટે અભ્યાસ તન મનને કરવા માંડયો ને થોડક વખતે પરીક્ષા થઇ તેમાં રમણ પહેલા નંબરે ને રતન બીજે નંબરે પાસ થયો. હવે તો બેઉના વખાણ થયા ને આખી નિશાળમાં તેમજ નાતીલાઓમાં સાબાશી મળી હવેતો રમણ ને રતન બેઉ જણા એક ઠેકાણે નોકર રહ્યા તેથી બેઉ જણા સાથીના

સાથીજ બન્યા ને સુખ ભોગવવા લાગ્યા. પણ વાંચકો હવે આપ ણે બીચારી ચંદનકુમારીકાને યાદ લાવીએ. તેતો મદનપુરમાંજ રહીને રમણુને રત્નસંગ તો દરબારમાં મોજ મારવા લાગ્યા તોપણ ચંદનને કંઇ ભુલ્યા નહોતા તે તો તેણીને મળવા માટે મદનપુર ગયા પણ ઇશ્વર ઇચ્છાથી ચંદન ગાડી ઉપર આવી ગઇ હતી ને રત્ન અને રમણુ ગામમાં ગયા. તપાસ કરતાં ખબર પડી કે ચંદન ગાડી ઉપર ગઇ એવું સાંભળી તરત પોતે ગાડી ઉપર આવ્યા તો ચંદન ભેગી થઇ આ વખતે પ્રિય વાંચકો એક બીજાના હર્ષનો તો પાર રહ્યોજ નહિ હશે. વારૂ. હવે ત્રણુ જણાં ગાડીમાં બેસી કાંનચનપુર નામે ગામ જે રમણુ તથા રત્ન નોકર રહ્યા હતા ત્યાં આવ્યા ને આવ્યા પછી થોડા દિવસે ચંદને રત્ન જોડે લગ્ન કર્યું. પછી થોડા મહીને ખબર પડી કે ચંદનને બદલે દાસી પરણી. તેથી કપુરચંદ ગુસ્સે તો થયા પણ શું કરે બનેલી વાત જાહેર ન કરવી તે સારૂં. તેવો વી ચાર કરી દાસીને સમજાવીશું ને તેના બાપને પૈસા આપીશું તો કો ઈ જાણશે નહિ તેમ વિચાર લાવી સઘળી હકીકત વેવાઇને લખી જણાવી. (એટલે ચંદનના બાપ જેચંદ શેઠને લખ્યો) આ વાતનો કાગળ જેચંદ શેઠને મળતાં વાંચી જોઈ પોતે ઘણોજ ગભરાયો ને શાન્ત પડી વિચાર કર્યો કે આપણે નાતના શેઠ છીએ ને પૈસાથી પ ણુ ભરપુર છીએ તો દાસીના બાપને તેમજ વેવાઈ કપુરચંદને પૈસા થી સમજાવીશું તો સૌ સારૂ થશે. એવા વીચારથી તેમ કર્યુ- પણ હવે તેણીને લઇ જનાર કોણુ હશે વારૂં. મને સુજે છે કે રમણુને રત્ન તો નહિ હોય. પણ ખરેખર તેજ હશે. હવે તો તે રાજ્યના

દીવાન બન્યા છે ને વળી પોતાનું ગામ મુકી રજવાડામાં જઇ રહ્યા છે. તો શી રીતે ખબર પડે ને ખબર પડે તો કેમ કરી તેણીને લાવીએ. તેતો રાજના તેમજ સરકારના માનીતા બનેલા છે પણ ફીકર નહિ. મારે ચંદનને જઇ મળવું તો ખરૂંજ. એવી રીતીનો વીચાર લાવી રાત્રે સુતો ખરો પણ ઉંઘ ન આવી ને સવારે ઉઠી ગાડી ઉપર આવ્યો ને કાંચનપુરની ટીકીટ લઇ ગાડીમાં બેઠો બીજે દીવસે કાંચનપુર ગામે ઉતર્યો ને ગામમાં જઇ તજવીજ કરીતો ચંદને રત્નસંગ જોડે લગ્ન કર્યું છે તે ખાતરી થઈ ને રમણુને રાજાએ બારવટીઆ પકડવાને મોકલેલ છે પણ તેને આવવાની મુદત પુરી થવાથી રાજાએ રત્નસંગને મોકલ્યો છે ને ત્યાં જાય છે તો જંગલમાં રમણુને રત્નસંગ ભેગા થયા તે બારવટીયાને પકડવાને બેઉ જણા આગળ ચાલ્યા. તેથી બેઉ જણાના સાથેના માણસો પાછળ રહ્યા ને તેતો વીચારમાં ને વિચારમાં આગળ ચાલ્યા જાય છે તેવાજ બારવટીઆઓએ આવી રમણુ અને રત્નસંગને ઘેર્યા. પણ રમણે રત્નને વીચાર કરી કહ્યું કે આ વખતે આપણે બે જણ છીએ તો આપણે ફાવીએ તેમ નથી. માટે સાવધપણે સઘળી ચીજો આપી કબજે રહેવું એ સારૂ એટલે પાછળ રહેલું લશ્કર આવી મળશે. એટલે તે પકડાશે એવો વિચાર લાવી પોતાની પાસે જે કંઇ હતુ તે બધુ આપી દીધું એ ઉપરાંત બેઉ જણ પાસે ઘડીઆળ હતું તે પણ આપ્યું ને બારવટીઆઓને કહ્યુ કે ભાઇ અમોને ખવરાવો તો અમો પણ તમારી જોડે બારવટે આવીશુ ને આ ત-

થામ માલ જે હમે તમને આપ્યો તે આ વટાનો માલ છે. પણ અ-
મારી પાસે જે વિદ્યા છે તે આ દાબડીમાં છે. તે વિદ્યાથી વગર ધ
મકાવે માણસ માલ આપે છે પણ જો તમે અમારી જોડે એવી
સરત કરો કે હવે પછી જે જે માલ લાવે તે અપણે બધા સરખે
ભાગે વેહેંચી લઇએ એવી સરત કરો તો હમે તે વિદ્યા બતાવીશું
પણ જો અમારી વાત ખરી ના માનતા હોતો દાબડી કાને અડા
ડી જુઓ પણ ચાર દીવસ પછી અમે તે વિદ્યા બતાવીશું આવું
સાંભળી જંગલી બારવટીઆઓએ દાબડી કાને અડાડી જોઇ તો ખ
ટખટ બોલતુ સાંભળી બીજાને કહ્યું કે જો અલ્યા આ દાબડીમાંતો
આ માણસ કહે છે તેમ થાય છે. એ વાત સાચી માની ઉપલી
સરત જંગલીઓએ કબુલ કરી. રમણ અને રત્નસંગને બારવટીઆ
ઓએ કહ્યું કે આજે હમો બારવટે જઇશું ને કાલે તમે જજો એ
ટલે આપણો વિભાગો મળશે. તેમ કહી જંગલી બારવટીઆ માલ
સોંપી ચાલ્યા ગયા ને ગયા પછી ઓરડીમાંથી એક વીર કુમારીકા
બોલી કે આ દુષ્ટોએ મને પકડી છે ને ઓરડીમાં પુરી મુકી છે
જો તમે મને છોડાવશો તો હું તમારા બે જણનો પાડ માનીશ હું
દુઃખી આની બાળા છું તે મને બચાવશો એવી વાણી સાંભળી
રમણ ને રત્નસંગ બેઉ જણ ત્યાં ગયા ને પુછ્યું કે બાઇ તમે કું
વાતાં છો કે પરદેશી ત્યારે બાળા બોલી કે બાઇ મને કોટડીમાંથી
બહાર કાઢો એટલે મારી સર્વ હકિકત કહીશ ત્યારે તેઓને તેમને
બહાર કાઢી પછી પુછ્યું કે બાઇ શાથી આ પાપીના હાથ આવી

ત્યારે વિરકુમારીકા બોલી કે મને મારા મોસાળથી આવતાં મને પકડી ને મારા નોકરને મારી નાંખી. મને અહીં લાવ્યા ને તે દુષ્ટોએ મને જાર કર્મ કરવા કહ્યું પણ મેં તેમને તે વાતની ના પાડી તેથી આ કોટડીમાં મને પુરી. હવે ગરીબ દાસીને જણાવશો કે આપ કોણ છો ને કેમ અહીં આવવું થયું છે, ત્યારે રમણુને રત્ને બેઉએ પોતાની વાત કુમારીકાને કહી કે અમે આ દુષ્ટોને પકડવા આવ્યા છીએ પણ હાલ અમારૂં લશ્કર પછવાડે રહ્યું ને અમે ઉતાવળા આવ્યા પણ એમે નીર હથીઆરી હતા માટે તાબે થયા છીએ પણ કંઇ ફીકર નહીં. બાઇ તારૂં દુઃખ દુર કરવા ઇશ્વરે અમોને મોકલ્યા છે. પણ હવે તું હાલ કોટડીમાં જા ને નચીંતથી રહે કાલે દુષ્ટોને પકડી લઇ તને બહાર કાઢીશું એમ કહી તેણીને અસલ મા ફક કોટડીમાં પુરી. ને થોડીક વારે લશ્કર પણ ત્યાં આવી પહોંચ્યું. તેમણે ઝાડીમાં રમણે મોકલી દીધુ ને કહ્યું કે હું સીટી મારૂં કે તરત આવજો અમે તે દુષ્ટોના દોસ્તદાર થયા છીએ ને તે કબજામાં છે માટે પકડતાં મુશ્કેલ નથી તેમ કહી લશ્કર ઝાડીમાં વિદાય કર્યું ને થોડીકવારે લુંટ લઇ બારવટીઆ આવ્યા ને ખાઇ પી સુતા તે વાજ નીદ્રા દેવીના સ્વાધીન થયા એટલે રમણે સીટી મારી તે સાંભળી તરત લશ્કર આવી પહોંચ્યું ને બારવટીઆઓ સુતેલા હતા તેમને કેદ પકડયા ને તમામ લુટનો માલ લીધો ને કોટડીમાં પુરેલી બાઇને બહાર કાઢી. ત્યારે વિરકુમારીકા બોલી કે રમણલાલ તમે શી નાત છો? ત્યારે રમણ બોલ્યો કે વાણીઆ છીએ. આ પૂ-

છવાનું શું કારણ છે તે કહેશો ત્યારે કુમારીકા બોલી કે પ્રીતમ આ-જથી નહીંપણ આ જગાયે આપને દીઠા ત્યારથીજ હું આપને પતી માની ચુકીછું. આ સાંભળતાંજ રત્નશંગ બોલ્યો કે બાઈ ઇશ્વર આ-પડા ઉપર ઘણોજ દયાળુ છે, જેને જન્મ આપ્યો સફળ છે. આપણે દુઃખી કુંમારીકાને દુઃખમાંથી છોડાવી તે પહેલાજ તે બાઇએ વિચા-ર કર્યો કે મારે ઇચ્છિતવર વરવોજ તો હવે આપડાથી તેણીને ના ન કહેવાય માટે મીત્ર બંધું તેણીની આશા નીશફળ ન કરવી તેજ આ-પડો ધર્મ છે. માટે તેણીના હાથે તેણીના બાપને પત્ર લખી મંગાવ વો એ વાત નક્કી કરી કેદીને લઇ રાજ્યમાં આવ્યા, ને તેમનો કેસ ચલાવરાવી ગુનેગાર ઠરાવી કેદ કીધા ને તે પછી તે કુમારીકા પાસે તેણીના બાપને કાગળ લખાવ્યો, તે પહેલાં કુંમારીકાના બાપે વીચાર કરયો કે હવે કુમારીકાને સારો વર જોઇ પરણાવવી, પણ ઇશ્વરે તો તે વીચાર કરતા પહેલાં તેણીને માટે વર મેળવી આપેલ છે. ઉપર મુજબનો વીચાર તેણીનો બાપ કરતો હતો એટલામાંજ તેણીના હા-થનો લખેલો પત્ર આવ્યો, તે નીચે મુજબનો હતો.

શીર છત્ર પીતાજી મોહકમચંદ કાંચનપુરથી લી તમારી વિયો-ગી કુંમારીકા લખવાનું કે હું મારા મોસાળથી આવતી હતી ત્યારે દુ-ષ્ટ બારવટીઆઓએ મને પકડી પણ મારા સારા નસીબે રમણને ર-ત્નશંગ બેઉ જણાને મોકલ્યા હતા તેઓએ મને પાપીના હાથમાંથી બચાવી છે. ને પુછતાં માલમ પડયું કે રમણલાલ આપડી નાત જા-તના છે. તેમ જાણી આજથી હું તેમનેજ વરી ચુકીછું માટે (જે

રમણુલાલ) રાજાના દીવાન છે તેમની જોડે લગ્ન કરવા નક્કી કર્યું છે ને તેમનેજ હું વરી ચુકી છું. માટે કરી આ કાગળ વાંચી સર્વ સામગ્રી તૈયાર કરી મને સત્વર તેડવા માટે આપ આવશોજી આ પત્ર વાંચી મોહકમચંદ શેઠે ઘરના બધા માણસોને બોલાવી પુછ્યું તો સૈએ તે વાતની હા પાડી. તેથી કુમારીકાને તેડી લાવવા માટે માણસ મોકલ્યું ને રમણુલાલને પણ કંકોતરી લખી મોકલી કે મારી કુમારીકા તમને વરી ચુકી છે પણ હવે શાસ્ત્ર વિધીથી લગ્ન કરી જવા પધારશો લી મોહકમચંદ મીતી માહા સુદી ૫

આવીજ રીતે પત્ર (કકોતરી) લખી મોકલી ને કુમારીકાને બે દીવસ પહેલાંજ તેડી માણુસ આવ્યો પછી ચોથના દિવસે રમણુલાલ જાન લઇને રાજનગરમાં આવ્યા એટલે ગાડી ઉપરથી વાગતા ગાજતાં લઇ જવામાં આવ્યા ને વીધી પ્રમાણે લગ્ન થઇ રહ્યા બાદ વીદાયગીરી કીધી. રમણ, રત્નસંગ તથા બીજા માણુસો દેશમાં આવ્યા, હવે બીચારી ચંદનકુંમારીકા તથા રત્નસંગજીના લગ્નની વાત કરીશું કે રમણુના પહેલાં તેમનું લગ્ન વીધી પ્રમાણે થયેલું છે તેથી ચંદનકુંમારીકાના બાપે તેણીએ સજ્જન જોડે લગ્ન કર્યું તેથી સંતોષ પામી ઘણોજ ખુશી થયો. પછી સર્વ જણા સંપથીને વીધીના બળથી માન પામતા ચાલ્યા માટે પ્રીય વાંચકો જેમ રમણુને રત્ન વિદ્યાના જોરથી પોતે સારૂં માન પામ્યા તેમ તમે પણ કરવાની ઉમંગ રાખશોને સારી વિદ્યા ભણુશો તો તમો ગમે તેવી દુઃખી હાલતમાં હશો તો પણ તમે આગળ જતાં સારૂં માન મેળવી શકશો માટે કરી

પ્રીય વાંચકો પોતાના બાળકોને નાનપણથી સારી રીતે કેળવણી આ-પવી ને બાળકોને તથા બાળકીઓને લગ્ન થતા પહેલાંજ તેઓને પુ-છવું કે તમારૂં લગ્ન ફલાણા જોડે થાય તો ખુશી કે નહી? વારૂ! જો તેમ કરવાની હા પાડે તેમ કરવું નહીંતો ના પાડે તો તે ન કરવું પ્રીય વાંચકો આથી તો જુના વખતના માણસોને નવાઇ તો લાગશે જ પણ તેમાં નવાઈ છે કે નહીં તે પ્રીય વાંચકો તમો વીચાર કરો કે લગ્ન મન ગમતા જોડે થાય છે તેવી બાળકીઓ તથા બાળકો કે-વી રીતે સુખ પામે છે. તે તો વાંચકો પોતેજ પોતાની મેળે વિચા-ર કરી શકશો માટે હંમેશાં રમણ, રત્ન તથા ચંદનકુંમારીકાને વી-રકુંમારીકાની માફકજ લગ્ન થશે તો જોડું હરનીશ સુખ ભોગવશે ને તેઓનાં તરફથી કદીપણ દુઃખ તમારા જોવામાં આવશે નહિ માટે કરી એટલેથીજ મારી કલમ અટકાવવા માગું છું

વિષ્ણુ શર્માએ भर्ताहि परमंनार्या भूषणं भूषणै विना ।
एषा विरहिता ते न शोभना पिन शोभना

સ્રીયોને ભૂષણ વિના પણ પતિજ ધરમ ભૂષણ છે કેમકે પતિ વિનાની સ્રી શોભતી હોયતો પણ શોભતી નથી. માટે કરી સર્વ ક-રતાં ખરૂં સુખ સ્રીઓનેજ પતિજ છે. માટે પતિ સદ ગુણવાનને વિ-દ્યાવાન હોવો જોઇએ તો જરૂર તે બાળા સુખી થાય છે.

હું કાંચનપુરની રહીશ છું મારા બાપે મને પુછ્યા વગર મા-નસંગ જોડે લગ્ન કર્યું જે લગ્ન થતાં પહેલાં મને ખબર પડી ત્યારે

મેં મારા પિતાજીને તેની સાથે લગ્ન કરવા ના પાડી પણ મ રૂં કહે-લું ન સાંભળતાં દુષ્ટ પિતાજીએ તે નીચ માનસંગ જોડે લગ્ન કર્યું હવે હું ને મારો પતી જેને હું નીચ માનસંગ કહુંછુ તે ને હું રોજગાર અરથે તિરપુર ગામમાં આવ્યાં પણ કને પૈસા નહી ને વળી કોઈની સોબત નહીં મળે તો વેપાર રોજગાર ક્યાંથી થાય જો વેપાર ન મળે તો ખાવાના પણ સાંસા પડે કેમ ખરૂ કે નહીં વારૂ, હા. તેમજ થાય તેમાં શી નવાઇ ત્યારે કેટલાક વખત સુધી તો તે દુઃખ સહન કરયું પછી થોડાક વખત પછી મારા મહોલ્લામાં એક મને મારા મનગમતા આદમી જોડે પ્રીતી થઈ ને જેમ જેમ દીવસ વધારે થયા તેમ હમારે પ્યાર બંધાતો ગયો ને ફુરસદના વખતે હું તેના ઘરમાં જાઉ ને પછી મને જુજ પૈસા આપે પછી તો મને લાલચ લાગી ત્યારે તેની સાથે મારારે જેમ સ્ત્રીને પતીનો સંબંધ થાય છે તેમ થયો પછી તો મારા ધણીના કરતાં તે વધારે વહાલો લાગે તેમાં નવાઇ શી એમ ઘણાક વખત સુધી ચાલ્યું પછી તો એક વખતે તે મને બીજે લઇ ગયો ત્યાં તો મેં જોયુતું ઘણી સ્ત્રીઓ પોતાના પતીથી છાની ત્યાં આવેલી ને તે સઘળી પોતાના પતીની સાથે જેમ વરતે તેમ અન્ય પતીની જોડે મેં વરતતાં જોયું તે જોઇ હું પણ તેમના પેઠે શીખી પણ તે પહેલાં પ્રથમ તો મને લઇ જનાર જોડે તેમ વરતતી પછીથી તો તેને મુકી ગમે તે માણસ સાથે બેસુ ઉઠું ને વારંવાર તે જગાએ જઇ રહું ને ત્યાં જઇ મારો પૈસા વગરનો રોજગાર ચલાવવા માંડયો ને સાંજે મારા પતીના આવતા પહે

માં મકાન વાળી જોડે કમાઇના આવેલા પૈસાનો હીસાબ ચુકવા ઘેર આવતી ને એ શરે આડ દશ આના લાવતી ને મકાન વાળીને પણ એટલા પૈસા મળતા પણ તેમાં હું જોતી કે ઘણાક માણુસો ત્યાં આવતા તેઓને માઠુ પરીણામ માલમ પડતુ ત્યારે અફસોસ કરતા તેથી મને પણ કોઈ વખતે અંગમાં દરદ થતું ત્યારે પસ્તાતી ખરી જ પણ ખાવાના સાંસા પડે માટે કરી વારવાર ત્યાં જતી પછી તો છેવટ મારી બુરી દશા થવા માંડી ને બુઢાપણે મને કદરૂપી ને બેહાલ કરવા માંડી તે વખતે હું કેવી હાલતમાં હોઇશ વારૂ. તે ખ્યાલ વાંચકો તમે પોતેજ કરશો પછી તો કોઇ મને બોલાવેજ નહિ તો પૈસા તો શાના મળેજ પછી તો હું મારા દુઃખને જોઇ નીસાસા નાંખી દુષ્ટ પીતાને ગાળો દેતી તેમ કરતાં મારો છુટકો થ યો પણ જો ઈશ્વરે મારા બાપને મારી મરજી પ્રમાણે કરવાને અક્કલ આપી હોત તો હુ કદી દુઃખ ના પામત પણ ઇશ્વરે મારા પીતાને તેમ કરવા નહી દીધું તેથી આ હાલતને પહોંચી માટે કરી પ્રીય વાંચકો પોતે પોતાની દીકરીઓને મારા દુઃષ્ટ પીતાની પેઠે ન કરતાં સારા રસ્તાએ ચાલશોજી એવી મારી દુઃખી અબળાની સ્તુતી મનમાં ધરશોજી તો તમારી આબરૂને મારી પેઠે એબ લગાડનાર નીચ અબળા નહી નીવડે તે ખરૂજ સમજજો પછી તો કહેવત છે કે ધણીને સુજે તે ખરૂ તેમ કરો તો કોઇ લાકડીથી મારવુ નથી પણ પછવાડેથી મારા પીતાના જેવું વીમાસવુ પડશે માટે કરી પ્રિય ભાઈઓ ને બ્હેનો તમો કોઇ દીવસે મારા જેવુ નીચ લંપટપણું

નહી કરતાં. તેમ કરવાથી મહા દુઃખ ભોગવવુ પડે છે અને આખ રે ચામડીને (એટલે સપને) દેડ વિગેરે આડકે છે ને પછીથી નર્ક અધીકારી થાય છે માટે માહારૂ કહેલું માની તેમ કરતાં નહિ. ને પોતાનું સતીપણું જાળવશો એજ મારી નમ્ર વિનંતી છે. એટલુજ કહી મારી કલમ અટકાવવા માગુછું. હવે આપણે રમણને રત્નના સુખની વાતો સાંભળી તેથી મનને તો વિચાર આવેજ પણ હવે હું તેમની નિશાળના બીજા છોકરાની વાત જણાવવાની જરૂર ધારૂછું. જેમ રત્ન ને રમણ દોસ્ત હતા તેમજ ડાહ્યાભાઇને પરેમચંદ પણ હતા તેઓ સારા આબરૂદાર હતા તેમજ તે પણ કોલેજમાં ભણતા. પણ કેળવણી પામ્યા છતાં ગરમ મીજાજના હતા તેઓ પોતાના માબાપને ગાળો દે, તેમને મારે પણ ખરા એવા તેઓ પાપી હતા. પણ કોઈ વખતે તેમના દેશમાં દુકાળ પડયો ત્યારે તેઓના મનમાં ગરિબને મદદ કરવાની ઘણીજ દયા આવતી પણ શું કરે તેમની પાસે પૈસા નહોતા પણ વિદ્યારૂપી ધન હતું પણ ગરમ મીજાજે તે ધનને છુપાવી રાખ્યું હતું તો પૈસા કયાંથી લાવવા ને શી રીતે ગરીબ લોકોને તેમજ ભૂખે મરતાં જનાવરોને મદદ કરવી. તે વિચાર કરતાં હતાં એટલામાં તેમને કોઇ સારા માણસે આવી કહ્યું ભાઇ તમે વિદ્વાન છો તો પૈસા મેળવવા મુસ્કેલ નથી માટે કરી પેલા રમણને રત્નની પેઠે કોઈ દેશમાં જઇ કોઇ જાતની નોકરીમાં દાખલ થાઓ તો પૈસા મળશે તે વાત પ્રેમચંદે માની તે બીજે દીવશે આબુરોડ (એટલે ખરૈડી ગયો) ત્યાં જઈ તારમાં દાખલ થવાની પરિક્ષા આપી ત્યાં તે સારા નસીબે પાસ થયો. પછી કામ શીખી સ્ટેશન

ઉપર જગા મળી. ત્યાં નોકરી કરી પગાર આવે તેમાંથી જુજ પોતા ના મા બાપના ખર્ચ માટે મોકલે પણ હવે તેનો પ્રીય મીત્ર જેનું નામ ડાહ્યાલાલ હતું તેતો ડાહાપણુમાંજ રહ્યાને ઘેર મા બાપને પણ નડે તેમજ જેને નવમાસ સુધી પોતાના ગર્ભ સ્થાનમાં રાખી ઘણુંજ દુઃખ ખમ્યું તેને તો લાલ સાહેબ. ગધેડી. રાંડ વીગરે કહી ગાળો દેને પોતાના બાપને કનડી પૈસા લઇ નીચ લંપટ પણું કરે પછી લાલા શાહેબને બાપના ગુજરી ગયા બાદ વધારે લક્ષ્મી હાથ આવી એટલે લાલાને તો મજા પડી હશે વારૂં, હા મજા પડી તો હશે પણ છેવ-ટે લાલીતો લક્ષ્મીને હરી ગઇ હશે ત્યાર કેડેતો લાલ સાહેબને મા હા દુઃખ પડ્યું હશે વારૂ કે નહિ. હા તેમજ થાય કંઈ નવાઈ ન-હિ. માટે કરી તેમ ન કરતાં જેઓએ આપણુને જન્મ આપ્યોને મોટા કરી ઉછેર્યા તેઓને દુઃખદે એવો છોકરો માહા પાપી થઈ આખરે પ-સ્તાઇને રીબાઇને ચીતા કુંવરીને જઈ ભળે છે. માટે કરી પ્રીય વાં-ચકો તમો ત્રીજી ચોપડીની કવિતા જે મા બાપના ઉપકારની છે તે યાદ રાખોને તેમ ચાલો તો સુખી થઇ માહા કીરતી વંત જગતમાં ગણાશો. એજ મારી નમ્રસ્તુતી છે. (આખી ઉમર થઈ રહેતે નર-નો નરદાસ) તેનો અર્થ એવો થયો કે મા બાપના આપડે જીંદગી સુધી ચાકર છીએ એમ થાય છે. માટે કરી સદાકાર તે કરશોજી એ-જ વીનંતી છે. હવે મારી કલમ આગળ લંબાવતો નથી સબબ કે હજી કેટલીક વાતોનું વર્ણન કરવું ધારૂં છું માટે કરી મારી કલમ અટકાવું છું,

દોહરો.

વિના અંકુશીત યોવનધન, કુકર્મ મધુને જ્યાં લંપટાતાં.
આડા આ કે થાય ત્યાં, મરણ સુધી પણ લક્ષણ નથી મટતાં.

સુરાપાન.

અસુર સમ સુરાની શુ ભરો લાલ 'પ્યાલી.
તન, મન. ધનથી, પારો થશે લાલ ખાલી.

(દુર્લભ કૃત્ય.)

દીન વધુંને મારે, પ્રાયે વધારે શરાબની જાલેમાં.
મધુપીલાલ ન માને, કહ્યું માતાનું "જવા" થવાદેમાં

(દુર્લભ કૃત્ય.)

(ખરો પ્રેમને ભાડુતી પ્રેમ.)

કનક તજી પીતળમાં, જુઓ મૂર્ખનું અપાર મન મોહ્યું.
ફસ્યો ભાડુતી ફંદે નીજ પત્નીની સમીપ નહિ જોયું.

(દુર્લભ કૃત્ય.

(લંપટ વિષે દોહરો.)

બદ ચાંદી પ્રેમી આ આદીક દર્દ જેહ.
થાય લંપટપણાથી, સર્વ તનમાં એહ.

સંસારીક સુખ.

પ્રીય વાંચકો માણુસ જ્યારે પુખ્ત ઉપરે થાય છે ત્યારે તે સુખ સંપાદન કરવા આતુર થાય છે. ને અનેક પ્રકારે સુખ મેળવવું એવી ધુમો હમેશાં પાડયાજ કરે છે. પણ સુખ કયાંથીને શી રીતે મેળવવું તેનાથી તો કેવળ અજ્ઞાનજ હોય છે. સુખ પણાના ચાર પ્રકાર છે. એક રોગ વીનાનો દેહ. બીજુ સુશીલને સ્વરૂપ વાળી સ્ત્રી. ત્રીજું પોતાનો પુત્ર. ચોથું પુષ્કળ પૈસો ઉપલા ચારવાના હણા તે

જેની પાસે હોય તેજ વ્યહવારીક દરશન લક્ષણો છે. દરેક માણુસની કલ્પના તર્કશક્તિ જ્યારે માણસ વધારે સુખી હોય છે. તેમતે પણ વધતાં જાય છે. તેમતે સારી રીતે ફળ આપે છે. પ્રીતીનો ખોરાક સભ્યતાને સલાહ છે. જેમ પોતાના મીત્રોમાં ને કુટંબમાં સંપ તેમને વધારે સુખી હોય છે તેમ તેઓની પ્રીતી મજબુત થતી જાય છે. પણ જો કુટંબમાં કલેશ હોય તો પ્રીતીનો બીલકુલ દેખાવ હોતો નથી તેની પ્રીય વાંચકો તેમાં કાંઈ ઓછો ભાવ થયા વગર રહેનારજ નહી ને છેવટે એક બીજાના જાન લેવા તૈયાર થઇ જાય છે ને આવા બનાવો ઘણા મુસલમાની ઇતિહાસમાં વાંચ્યામાં આવે છે. જે વાંકે મલેકકાફુર પોતાના રાજાને મારી ગાદીએ બેઠો આવા ઘણાક દાખલા વારંવાર ઇતિહાસમાં વાંચીએ છીએ માટે પ્રીય વાંચકો જેમ બને તેમ પોતાના મીત્ર મંડળમાં તેમ પોતાના કુટંબમાં સંપ રાખવો એજ સારૂ છે. તેનાથીજ ઉપર કહેલા ચારે પ્રકારના સુખ ભોગવવાના મળશેજ માટે કરી સુખનું મૂળ સાધન સંપ છે. માટે પ્રીય વાંચકો આ પુસ્તકમાં જે કાંઇ ભુલ ચુક માલમ પડે તો મને લખી જણાવશો તો આભાર માનીશ એજ.

સમાપ્ત.